
# ખોડંબા નજીક ગેસ લીકેજ, તંત્ર દોડતું થયું આખરે મોકડ્રીલ હોવાનું બહાર આવ્યું

મોડાસા, તા.૩૦

અરવલ્લી જિલ્લાનાં ડિસ્ટ્રીકટ ક્રાઈસિસ ગૃપ દ્વારા જીલ્લામાં આવેલ વિવિધ મેજર એક્સીડન્ટ હેઝાર્ડ્સ વાળા જોખમી કેમિકલ કારખાનાઓમાં સંભવિત અકસ્માતનાં સંજોગોમાં ,જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળી રહે તેમજ તેઓમાં સતર્કતાનું પ્રમાણ જળવાઈ રહે તે હેતુથી ,મોકડ્રીલ યોજતી હોય છે. જે મુજબનું એક મોકડ્રીલ શનિવારના રોજ યોજાઇ હતી. જેમાં મોકડ્રીલનાં સીનારિયો તરીકે કારખાનામાં આવેલ એલ.પી.જી. બુલેટનાં વૉલવમાં કોઈ કારણોસર લિકેજ શરુ થતાં અને સ્પાર્ક મળતા લાગેલી આગ પર કાબુ મેળવવા માટે કારખાનામાં ઉપલબ્ધ ફાયર સેફ્ટી એન્ડ મેડિકલ ટીમો દ્વારા પ્રયત્ન કરવા છતાં સંજોગો કાબુમાં ન આવતાં આ ઈમરજન્સીને ‘ઓફસાઈટ ઈમરજન્સી’ જાહેર કરવામાં આવેલ હતી તથા મદદ માટેના તમામ સભ્યોને ટેલિફોનિક જાણ કરવામાં આવેલ હતી.





નિયોન ફ્યુલ્સ લિ. ખાતે યોજાયેલ મોકડ્રીલમાં આગને કાબુમાં લેવા ઘટના સ્થળે જિલ્લા વહિવટી તંત્રનાં અને ડિસ્ટ્રીક્ટ ક્રાઈસિસ ગૃપનાં સભ્યઓ-અધિકારીઓ તેમજ વિવિધ એજન્સીઓ જેમકે ફાયર બ્રિગેડ ટીમ,એમ્બ્યુલેન્સ ટીમ અને મેડિકલ ટીમ,પોલિસ વિભાગની ટીમ દ્વારા સફળ કામગીરી કરવામાં આવેલ હતી.

મોકડ્રીલમાં ડિસ્ટ્રીકટ ક્રાઈસિસ ગૃપનાં અધ્યક્ષ સ્થાને કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકર, જી.પી.સી.બી.ના અધિકારી, ડિસ્ટ્રીક્ટ ક્રાઈસિસ ગૃપનાં મેમ્બર તરીકે ડેપ્યુટી ડાયરેકટર,ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગાંધીનગર,નિયોન ફ્યુલ્સનાં માલિક સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના સલાલ ખાતેથી દારૂ પીધેલી હાલતમાં એક ઈસમ પકડાયો

પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ ખાતે થી જાહેરમાં દારૂ પીને જાહેર મા લથડીયા ખાતો બકવાસ કરતા એક ઈસમની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી. પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ ના સલાલ ખાતે બજાર વિસ્તાર માં પેટ્રોલીંગ મા હતી ત્યારે એક ઈસમ દારૂ પીધેલી હાલતમાં જાહેર માં લથડીયા ખાઈ બકવાસ કરતો હોય જેને પ્રાંતિજ પોલીસ દ્વારા કોર્ડન કરી પકડી તેનું નામ પુછતા પોતાનું નામ ભાવેશજી રજાજી ચૌહાણ ઉ.વર્ષ-૨૧ રહે. મોયદ,નાથાજી વાસ તાલુકા-પ્રાંતિજ ને પ્રાંતિજ પોલીસ દ્વારા ઝડપી પાડી આઈપીસી કલમ પ્રોહિબિશેન એકટ કલમ-૮૫,૧,૬૬,૧ મુજબ ગુનોનોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રખિયાલમાં નદીનો પુલ ગટરમાં ફેરવાતાં વાહન ચાલકો પરેશાન

### કરોડોના ખર્ચે તૈયાર થયેલા પુલની દશા બેઠી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

મોડાસા તાલુકાના રખિયાલમાં મેશ્વો નદી ઉપર ૪ વર્ષ અગાઉ કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલ પુલના એક છેડે પારાવાર ગંદકી ફેલાતાં પસાર થતા વાહન ચાલકો પરેશાન બની ગયા છે. ગામમાં ગંદાપાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોય તેમ વાસણ, કપડાં ધોવાથી મોંડી ઘરવપરાશનું ગંદુ પાણી પુલના છેડે જમા થતાં ગંદકીનો જમાવડો થવાથી પુલની દુર્દશા થઈ છે. રોજ નવનિર્મિત પુલ ઉપર ગંદા પાણીની રેલમછેલના કારણે અસ્તિત્વ જોખમમાં મૂકાય તેવી સ્થિતિ છે છતાં પંચાયતના જવાબદારો જાહેરમાં ગંદકી ફેલાવનારાઓ સામે ચૂપ બનીને બેસી ગયા છે.



ગામડાઓમાં સ્વચ્છ અભિયાન અંતર્ગત ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં તેનો યોગ્ય ઉપયોગ થયો ન હોવાથી સ્વચ્છ ગામડાંનું મિશન અધુરૂ રહ્યું છે. ગટર તેમજ વરસાદી, ઘર વપરાશના પાણીનો સુચારૂ રૂપ નિકાલ થાય તે માટે ખર્ચાયેલાં નાણાં ગામડાઓમાં ફોગટ ગયાં છે. મોડાસા તાલુકાના રખિયાલ ગામના જાહેર માર્ગો ઉપર બારેમાસ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે તેમાંય છેલ્લા ઘણા સમયથી મેશ્વો નદીના પુલના એક છેડે ગંદુ પાણી એકત્ર થતું હોવાથી કરોડોના ખર્ચે તૈયાર થયેલ પુલની દુર્દશા થઈ રહી છે. મોડાસા જવા માટે વાયા રખિયાલ એકમાત્ર ટૂંકો રસ્તો હોવાથી આસપાસના ૧૦ થી વધુ ગામોના વાહન ચાલકો આજ રોડ પસંદ કરતા હોય છે પરંતુ પુલ ઉપરથી પસાર થવા સમયે પારાવાર ગંદકીના કારણે દ્વિ-ચક્રી વાહનો સ્લીપ થવાના બનાવો વધી ગયા છે. જવાબદાર તંત્રએ પુલ તૈયાર કર્યા પછી જવાબદારીમાંથી હાથ ઉંચા કરી નાખતાં વાહન પાર્કીંગ તેમજ પુલનો કચરાપેટીની જેમ સ્થાનિક લોકો ઉપયોગ કરી રહ્યા છે. આજ સ્થિતિ રહી તો ટૂંક સમયમાં જ નવા પુલ સામે અસ્તિત્વનું જોખમ ગંદા પાણીના કારણે ઉભું થયું છે.

# મહેસાણા જિલ્લામાં આંગણવાડી કર્મયોગીઓનું રસીકરણ કરાયું

### જિલ્લા વિકાસ અધિકારીએ પ્રોત્સાહિત કર્યા

મહેસાણા, તા.૩૦

રાજ્ય સરકારે વૈશ્વિક મહામારી કોરોના સામેના જંગમાં અવિરત કાર્ય કરી રહેલા આરોગ્ય સાથે સંકળાયેલા ફ્રન્ટલાઈન કોરોના વૉરિયર્સને પ્રથમ તબક્કામાં કોરોનાની રસી મુકવાનું આયોજન કર્યુ છે. જેના ભાગરૂપે આઈ.સી.ડી.એસ ખાતાના કર્મચારીઓને કોરોના પ્રતિકારક રસી અપાઈ હતી. મહેસાણા નર્સીંગ સ્કુલ ખાતે રસીકરણના આયોજીત કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણી ઉપસ્થિત રહી કર્મયોગીઓને પ્રાત્સાહિત કર્યા હતા.



મહેસાણા જિલ્લામાં તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર આંગણવાડી કર્મયોગી બહેનોને સુરક્ષિત કરાઈ રહી છે જિલ્લામાં આજ દિન સુધી ૧૯૨૦ આંગણવાડી કેન્દ્રોની ૯૬૪ કર્મયોગી મહિલાઓને સુરક્ષિત કરવામાં આવી છે. આ અભિયાન તેજ ગતિએ સતત ચાલી રહ્યું છે. આગામી સમયમાં તમામ આંગણવાડી કર્મયોગી મહિલાઓને સુરક્ષિત કરવામાં આવી રહી છે. આગામી ફેબ્રુઆરી સુધીમાં આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગના કર્મચારીઓનું ૧૦૦ % રસીકરણ પુર્ણ કરવાનું આયોજન કરાયું છે. નોંધનીય છે કે, આજદિન સુધીમાં એક પણ કોરોના વોરિયરને કોરોના રસીની સાઈડ ઈફેકટ થઈ નથી.

જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય.દક્ષિણીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં પ્રથમ તબક્કાના રસીકરણ અભિયાનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જિલ્લામાં આરોગ્ય કર્મયોગીઓ દ્વારા રસીકરણ અભિયાનનું પ્રોત્સાહિત કામ થઇ રહ્યુ છે. રસીકરણ અભિયાન અંતર્ગત આરોગ્ય કર્મયોગીઓ દ્વારા રસીકરણ લાભાર્થીઓને વિસ્તૃત સમજ આપવામાં આવી રહી છે. આ ઉપરાંત આ આભિયાન અંતર્ગત તમામ દષ્ટ્રીએ તકેદારી રાખવામાં આવી રહી છે.

રસીલેનાર ગાયત્રીબેન પ્રજાપતિ અને અફસાનાબેન પઠાણે જણાવ્યું હતું કે કોરોના રસી સંપુર્ણ સુરક્ષિત છે.રસીકરણથી સુરક્ષિત થયા બાદ કોઈપણ પ્રકારની આડઅસર થઇ નથી. સરકારશ્રી દ્વારા કોરોનાને મ્હાત કરવા રસીકરણ અભિયાન શરૂ કરાયું છે તેમાં સહયોગ આપવા મહિલા કર્મયોગીઓએ અપીલ કરી હતી.

### સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ

# જિલ્લામાં ચૂંટણી સમયે વાહનો અને ડોર ટુ ડોર પ્રચાર ફિક્કો રહેશે

**રોડ શોમાં ૫ વાહન પછી કાફલો અલગ, ડોર ટુ ડોર પ્રચારમાં માત્ર ૫ લોકોને મંજૂરી**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની જિલ્લા, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો છે ત્યારે ચૂંટણી આયોગ દ્વારા કોરોનાનું સંક્રમણ વધે નહીં તે માટે ચૂંટણી પ્રચાર માટે ખાસ કોવિડ ગાઈડલાઈન જાહેર થઈ છે જે મુજબ જિલ્લામાં રાજકીય પક્ષોના ઉમેદવારોને પ્રચાર સમય દરમ્યાન રોડ શો માં દર ૫ વાહન પછી કાફલો અલગ કરવો પડશે અને ડોર ટુ ડોર પ્રચારમાં માત્ર ૫ લોકોને મંજૂરી આપવામાં આવશે. જેના કારણે સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ કોવિડ ગાઈડલાઈનનો અમલ થાય તો પ્રચાર ફિક્કો બની શકે છે.

જિલ્લા પંચાયતની ૩૬, તાલુકા પંચાયતની ૩૦૦, નગરપાલિકાની ૧૨૦ અને તલોદ નગરપાલિકાની પેટાચૂંટણીની ૨ બેઠક મળી કુલ-૪૮૨ બેઠકોની સામાન્ય ચૂંટણી માટે તા.૨૮ ફેબ્રુઆરીએ ઈ.વી.એમ. મશીનથી ૨૧૬૯ મતદાન મથકો ઉપર મતદાન યોજાવવાનું છે. સાબરકાંઠા, અરવલ્લી ચૂંટણી શાખા દ્વારા સંવેદનશીલ, અતિસંવેદનશીલ મતદાન મથકો ઉપર ખાસ સુરક્ષા પ્રબંધ ઉભો કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ કોવિડની ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે જે મુજબ ગાઈડલાઈનના અમલ માટે નોડલ ઓફીસરોની નિમણૂંક થઈ છે. કોઈપણ પક્ષને ડોર ટુ ડોર પ્રચાર માટે માત્ર ૫ વ્યક્તિ લોકોની મંજૂરી આપવામાં આવશે. રોડ શો માટે ૫ વાહન પછી કાફલો અલગ કરવો પડશે. અત્યારે તો ચૂંટણીપંચ દ્વારા રાજકીય પક્ષોને શક્ય હોય ત્યાં સુધી ઓનલાઈન પ્રચાર કરવા સૂચના આપવામાં આવી છે પરંતુ સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ઉમેદવારો અને તેમના ટેકેદારોનો જુસ્સો ચરમસીમાએ હોય છે તે જોતાં કોવિડ ગાઈડલાઈનનો અમલ થશે કે કેમ..?? તે કહેવું ઉતાવળીયું છે. કોરોનાથી સંક્રમિત થયેલા છે તેવા આગેવાનોને ઓનલાઈન પ્રચાર કરવા માટે કહેવામાં આવે તેવી સંભાવના છે.

### સંક્ષિપ્ત સમાચાર...

## રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ-સાબરકાંઠા દ્વારા કર્તવ્યબોધ કાર્યક્રમ યોજાયો




રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ-સાબરકાંઠા દ્વારા તાજેતરમાં જૈનાચાર્ય આનંદ ધનસુરી વિદ્યાલય-હિંમતનગરમાં કર્તવ્યબોધ કાર્યક્રમ યોજાઈ ગયો. વક્તા ભાનુભાઈ ચૌહાણે સ્વામી વિવેકાનંદ તથા સુભાષચંદ્ર બોઝના જીવન ચરીત્રોની ગાથા દ્વારા બાળકોના ચારીત્ર્ય ઘડતરમાં શિક્ષકોના પ્રદાન વિષય પર વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમમાં પ્રાથમિક શરાફી મંડળી-વડાલીના પ્રમુખ ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ, મધુસુદન ખમાર, ભાનુભાઈ ભટ્ટ, પરીમલ પંડીત વગેરે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક કમલેશ શુકલ, ભાવિન પટેલ, પ્રકાશભાઈ સુથારને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ભિલોડાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામમાં ફાયરીંગ બટ આવેલો છે આ બટમાં પોલીસ જૂથના અધિકારી/જવાનોના અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ પોલીસ અધિક્ષકશ્રી દ્વારા તા.૦૪ જાન્યુઆરી ૨૦૨૧ના મંજુરી પત્ર અનવ્યે આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા.૦૧ ફેબ્રુઆરી થી તા.૦૨ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટમાં અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી. ની ત્રિજયાના વિસ્તારમાં તા. ૦૧ ફેબ્રુઆરીથી તા.૦૨ માર્ચ ૨૦૨૧ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંકર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં અને આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## બાયડના વાત્રક નજીક બાઈકો ટકરાતાં એકનું મોત

બાયડ-ધનસુરા હાઈવે ઉપર શનિવારે વાત્રક નજીક એક પછી એક ૩ બાઈકો ધડાધડ ટકરાતાં ગંભીર ઈજાથી અતુલ જયંતિભાઈ રાવળ(રહે.રતનપુરા)નું મોત નિપજ્યું હતું. જ્યારે ૪ જણને લોહી નિતરતી હાલમાં વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાઈવે ઉપર પોલીસ વાહન ચાલકોને રોકીને રવાના કરી દે છે પરંતુ હેલ્મેટ વગર દોડતા વાહન ચાલકો સામે સખ્તાઈ ન દાખવતાં ગમખ્વાર અકસ્માતના બનાવોમાં ઉછાળો આવ્યો છે. બાયડ તાલુકાની વાત્રક હોસ્પિટલ નજીકનો વળાંક અકસ્માત ઝોન તરીકે પંકાયેલો છે છતાં સ્પીડ બ્રેકરો ન મૂકાતાં અનેક નાના-મોટા વાહન ચાલકો ટકરાઈ પડે છે અને નિર્દોષ જીંદગીઓ માર્ગો ઉપર હોમાઈ જાય છે.

# જુના ડીસા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રમાં કોરોના રસીકરણ આરંભાયું

ડીસા, તા. ૩૦

સરકાર દ્વારા કોરોના કાળમાં જીવના જોખમે ફરજ બજાવનાર પ્રથમ હરોળના કોરોના વોરિયર્સ એવા આરોગ્ય કર્મચારીઓને પ્રથમ તબક્કામાં કોરોનાની રસી આપવાનું નક્કી કરાયું છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય તંત્ર દ્વારા રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. જેમાં આરોગ્ય તંત્રના કર્મચારીઓ ઉત્સાહભેર રસી લઈ રહ્યાં છે. જે અનુસંધાને ડીસા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. જીગ્નેશ હરિયાણીના માર્ગદર્શન હેઠળ જુનાડીસા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. સમીનાબેન શેખ, લેબ ટેક દિનેશ ગોહિલ, પ્રકાશ શ્રીમાળી સહિત તમામ કર્મચારીઓએ પણ કોરોના રસીનો પ્રથમ ડોઝ લઈ કોરોના વિશે ચાલતી ભ્રામક અફવાઓનું ખંડન કરી રસી સલામત હોવાનો આમ પ્રજાને સંદેશ પણ પાઠવ્યો હતો.



# ભિલોડા પોલીસે ત્રણ કિલોમીટર ખેતર ખૂંદી નામચીન નેરીયુસ બુટલેગરને દબોચ્યો

### જીલ્લા પોલીસનો સપાટો દસથી વધુ નાસતાં ફરતા આરોપીને દબોચ્યા

મોડાસા, તા. ૩૦

રાજસ્થાન રાજ્યને અડીને આવેલા અરવલ્લી જીલ્લાના શામળાજી, ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂ ઠાલવી કટિંગ કરી રાજ્યના બુટલેગરોને વિવિધ વાહન મારફતે વિદેશી દારૂ પહોંચાડતો તેમજ અરવલ્લી-સાબરકાંઠા પોલીસને નાકે દમ લાવી દેનાર અને ભિલોડા-શામળાજી પંથકમાં અસામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ ૬ થી વધુ ગુન્હામાં વોન્ટેડ નામચીન બુટલેગર નેરીયુસ ઉર્ફે લાલો નગીનભાઈ ડામોરને તેના ગામ જેશીંગપુર નજીકથી ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે ત્રણ કિલોમીટરથી વધુ ખેતરમાં દોટ લગાવી દબોચી લીધો હતો તેમજ અરવલ્લી એલસીબી પોલીસ,એસઓજી અને મોડાસા ટાઉન પોલીસે જીલ્લામાં નાસતા ફરતા ૧૦ થી વધુ આરોપીઓને ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરી હજ્જારો બુટલેગરો કરોડો રૂપિયાની આસમી બન્યા છે વિદેશી દારૂના વેપલામાં રહેલા લખલૂટ રૂપિયાના લીધે અનેક યુવાનો બુટલેગર બની વિદેશી દારૂના ધંધામાં જોતરાયા છે ભિલોડા તાલુકાના જેશીંગપુર ગામનો નેરીયુસ ઉર્ફે લાલો નગીનભાઈ ડામોર ઉર્ફે નગજીભાઈ ડામોર નામનો યુવાન પણ વિદેશી દારૂના ધંધામાં ઝંપલાવી પોલીસતંત્રના કેટલાક



ભ્રષ્ટ અધિકારીઓ તથા કર્મચારીઓની છત્રછાયા હેઠળ પરપ્રાંતીય બુટલેગરો સાથે મળી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનું કટિંગ શરુ કરતા ટૂંકા ગાળામાં મોટો બુટલેગર બની જવાની સાથે સમગ્ર વિસ્તારમાં લુખ્ખા તત્ત્વો સાથે રાખી પંથકના લોકોમાં ખોફ જમાવતા તેની અસામાજિક પ્રવૃતિઓ સામે લોકો લાચાર બની ગયા હતા જીલ્લા પોલીસતંત્રએ નેરીયુસને ઝડપી પાડવા સતત પ્રયત્નશીલ બની હતી

ભિલોડા પીઆઈ તરીકે ચાર્જ સાંભળતાની સાથે મનીષ વસાવાએ અને તેમની ટીમે પેટ્રોલિંગમાં હતા ત્યારે જેસીંગપુર પાટીયા નજીક કુખ્યાત બુટલેગર નેરીયુસ ડામોર જોવા મળતા પોલીસ જીપ જોઈ નેરિયુંસ પોલીસ પકડથી બચવા માટે ખેતરમાં દોડતા પીઆઈ વસાવા અને તેમની ટીમે ખેતરમાં પીછો કરતા આજુબાજુ થી લોકો પણ બુટલેગર અને પોલીસ વચ્ચે ફિલ્મી રેસ જોવા મળી હતી આખરે પીઆઇ મનીષ વસાવાએ ખેતરો ખૂંદી નેરિયુસ ડામોરને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પીઆઈ આર કે પરમાર,એસઓજી પીઆઈ ભરવાડ,પેરોલ ફર્લો પીએસઆઈ કે એસ સીસોદીયા અને મોડાસા ટાઉન પીઆઈ વાઘેલા અને તેમની ટીમે જીલ્લામાં છેતરપિંડી,અપહરણ,ઢોર ચોરી સહીત ૧૦ થી વધુ નાસતા ફરતા આરોપીઓને ટૂંક સમયમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

## પ્રાંતિજ ચિત્રિણી નર્સીંગ કોલેજ ખાતે કોવિડ-૧૯ રસીકરણ

પ્રાંતિજ તા.૩૦

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે કોવિડ-૧૯ રસીકરણ કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના વિદ્યાર્થીઓ તેમજ કોલેજ ના સ્ટાફ દ્વારા ઉત્સાહ પૂર્વક રસી લીધી હતી .

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ચિત્રિણી નર્સિંગ કોલેજ ના વિધાર્થીઓ-વિધાર્થીનીઓ સહિત સ્ટાફ દ્વારા કોવિડ-૧૯ ની રસી લેવામાં આવી હતી.



## દુઃખદ અવસાન



ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના(હાલ રહે.બાયડ) પિયુષભાઈ જેસીંગભાઈ પટેલ(સીનીયર કલાર્ક : બાયડ બી.એડ્. કોલેજ)નાં માતૃશ્રી કમળાબેન પટેલનું નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજે તા.૩૧ જાન્યુઆરી, રવિવારે સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ તેમના નિવાસસ્થાન ૧૬૧, શિવમ્ પાર્ક સોસાયટી, વાત્રક રોડ, જી.ઈ.બી. સબસ્ટેશન સામે, બાયડ રાખેલ છે.

# શામળાજી મંદિરમાં દર્શનાર્થીના ખિસ્સામાંથી રૂા.૨૦ હજાર ભરેલા પાકીટની ચોરી

### પોષી પુનમે મંદિરના ગર્ભગૃહમાં ચોરીનો બનાવ

બાયડ તા.૩૦

યાત્રાધામ શામળાજીના વિષ્ણુ મંદિરમાં પોષી પુનમ નિમિત્તે અમરેલીના રાજુલાથી પરિવાર સાથે દર્શને આવેલા ઈજનેર અદેસિંહ નાનાભાઈ બારીયાના પેન્ટના ખિસ્સામાંથી ખિસ્સા કાતરૂએ રૂા.૨૦ હજારની રોકડ ભરેલું પાકીટ ચોરી લીધું હતું. મંદિરના ગર્ભગૃહમાં દર્શનાર્થીઓની ભીડ હોવાના કારણે રોકડ રકમ સાથે ડ્રાઈવિંગ લાયસન્સ, વાહનની આર.સી. બુક, ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ, બેન્ક એ.ટી.એમ. સહિતના આધાર પુરાવા ચોરાઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે શામળાજી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજયના શિરમોર યાત્રાધામ શામળાજીમાં પુનમ નિમિત્તે હજારોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટતા હોય છે. મંદિર તેમજ દર્શનાર્થીઓની સુરક્ષા માટે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સી.સી.ટીવી કેમેરા મંદિર પરીસરમાં લગાવવામાં આવ્યા હોવા છતાં ચબરાક તસ્કરો ભીડનો ફાયદો ઉઠાવી ચોરીને અંજામ આપતા હોય છે. તા.૨૮ ના રોજ પોષી પુનમ હોવાથી અદેસિંહ બારીયા તેમના પરિવારને લઈને શામળાજી મંદિરમાં દર્શન માટે આવ્યા હતા જયાં ગર્ભગૃહમાં દર્શન માટે લાઈનમાં ઉભા હતા જે સમયે કોઈ તસ્કરે ચાલાકીથી તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રકમ સહિત આધારપુરાવા સાથેનું પાકીટ તફડાવી લીધું હતું. દર્શન કર્યા પછી પાકીટ ચોરાઈ ગયાનું જણાઈ આવ્યું હતું જેથી તાત્કાલિક મંદિરના સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ તપાસી જોયા પરંતુ મંદિરના ગર્ભગૃહમાં લગાવવામાં સી.સી.ટીવી કેમેરામાં લાઈવ તસ્કરીના દ્રશ્યો કેદ થયાં ન હોવાથી દર્શનાર્થીએ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી છે.